ગાંધીનગર સમાચાર

# માલપુરની દેના ગુજરાત ગ્રામીણ બેંકના કર્મચારી દ્વારા ૬૪ લાખની ઉચાપત

## પ્રજાજનોનો બેંકમાંથી ભરોસો તૂટ્યો : લોન અને બચત ખાતાના રૂપિયા ખીસ્સામાં ઓળવી લીધા

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લાના માલપુર નગરમાં આવેલી દેના ગુજરાત ગ્રામીણ બેંકના કર્મચારીએ તેના ફરજકાળ સમય દરમિયાન ૨૮ જેટલા ગ્રાહકોનો વિશ્વાસ કેળવી, ગ્રાહકો અને બેંક સાથે વિશ્વાસઘાત કરતા ૨૦૧૫થી ૨૦૧૬ સુધના સમયગાળા દરમ્યાન ૬૪.૩૬ લાક બેંકમાં જમા નહી કરાવી બારોબાર સેરવી લેતા બ્રાન્યના મેનેજર દ્વારા નિલેષ પટેલ સામે લાખ્ખો રૂપિયાન ઠગાઈનો ગુન્હો માલપુર પોલસ સ્ટેશનમાં નોંધાવતા માલપુરના પ્રજાજનોમાં બેંક પ્રત્યે ભરોસો તુટી ગયો હતો. લોકોના ટોળેટોળા બ્રાન્ચ ખાતે તપાસ કરવા દોડી આવ્યા હતા.

માલપુર ખાતે આવેલ દેના ગુજરાત ગ્રામીણ બેંકના કર્મચાર નિલેષ પટેલ દ્વારા ગ્રાહકો તથા કર્મચારીઓ સાથે વિશ્વાસ કેળવી રૂપિયા ભરવા આવતા ગ્રાહકોને ખોટા સહી સિક્કાવાળી રિસિપ્ટો આપી લાખ્ખો રૂપિયાની છેતરપંડીની ઘટના સામે આવતા અને કર્મચારી દ્વારા લાખ્ખો રૂપિયા ગ્રાહકોના સેરવી લેવામાં આવ્યુ હોવાનું બ્રાન્ચના મેનેજરને ધ્યાને આવતા મેનેજર દ્વારા માલપુર પોલીસ સ્ટેશનમાં નિલેષ પટેલ નામના કર્મચાર સામે દેના ગુજરાત ગ્રામીણ બેંક માલપુર શાખામાં ૨૮ ગ્રાહકોની ખેડૂત લોન અને અન્ય બચતના રૂ. ૬૪.૧૬ લાખ ૨૦૧૫ થી ૨૦૧૬ના સમયગાળા દરમિયાન બેંકમાં જમા નહિ કરાવી છેતરપીંડી કરી હોવાની ફરિયાદ નોંધાતા સમગ્ર જિલ્લામાં દેના ગુજરાત ગ્રામીણ બેંકની વિશ્વાસનીયતા પરથી ગ્રાહકોનો ભરોસો તુટી ગયો હોય તેમ લોકોની કૌભાંડ બાબતે પૂછપરછ વધી ગઈ હતી.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર કર્મચારી નિલેષ પટેલ દ્વારા બેંકના હજુ વધુ ખાતેદારો સાથે છેતરપીંડીનો આંકડો કરોડો રૂપિયાને પાર જવાની શક્યતા જોવાઈ રહી છે. માલપુર પોલીસે ફરિયાદના આધારે તપાસનો ધમધમાટ હાથ ધર્યો છે. દેના ગુજરાત ગ્રામીણ બેંકના કર્મચારીનું લાખ્ખો રૂપિયાનું કૌભાંડ બહાર આવતા માલપુર ખાતેની બેંકમાં ખાતુ ધરાવતા અને લોન મેળવેલા ગ્રાહકોમાં ચીંતાનું મોજુ ફરી વળ્યું છે.






ગુજરાત સરકારની લાભદાઈ માં-વાત્સલ્ય યોજનાનો લાભ છેવાડાના ગરીબ જુરીયાત મંદલોકોને પહોચાડવાના હેતુ થી પાલનપુર શહેર ની માવજત અને મહાજન હોસ્પીટલમાં આઈ.સી.યુ વોર્ડમાં સદભાવના ગ્રુપ દ્વારા જરૂરી મશીનરી પૂરી પાડી સરકારી તંત્ર ના સહયોગથી ઈમર્જન્સીમાં માં કાર્ડ મળી રહે એ માટેની વ્યવસ્થા ગોઠવેલ છે. પાલનપુર તાલુકાના ગઢ ગામના વતની એવા પાનાબેન સોમાભાઈ પટેલ જેમને અચાનક પેરાલીસીસ લકવાની અસર થતા પાલનપુર મહાજન હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડ આઈ.સી.યું માં દાખલ કરેલ.દદીની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કરને માં-વાત્સલ્ય કાર્ડ હોય તો તેમનું નિદાન ગુજરાત સરકાર દ્વારા ની:શુલ્ક થઈ શકે એમ હતો.પરંતુ આ દદી પાસે કાર્ડ ન હતું જેની જાણ સદભાવના ગ્રુપને થતા તાત્કાલિક જરૂરી ડોક્યુમેન્ટ એકત્રિત કરી આરોગ્ય વિભાગના સ્ટાફને માવજત હોસ્પીટલમાં લાવી જરૂરી મશીનરી પૂરી પાડી પાનાબેન સોમાભાઈ પટેલ ની ફિંગરપ્રિન્ટ અને વેબકેમ દ્વારા ફોટો પાડી માં-કાર્ડ તાત્કાલિક ઉપલબ્દ કરાવતા દદીનો ઈલાજ ગુજરાત સરકાર દ્વારા નીસુલ્ક થશે.

# બનાસકાંઠા જિલ્લામાં તંત્રની ગંભીર બેદરકારીના કારણે સરકારના લાખો રૂપિયા પાણીમાં

## મીડિયા દ્વારા તંત્રને જાણ કરવા છતાં પણ પગલાં ન ભરતા કરોડોના ખર્ચે બનાવેલો રોડ ૪ મહિનામાં તૂટી ગયો

પાલનપુર, તા. ૩

બનાસકાંઠા જિલ્લા માં આજ થી પાંચ મહિના અગાઉ ઝેરડા થી નેનવા સુધી જે રોડ બનાવામાં આવી રહ્યા હતો તે રોડ એકદમ હાલાકી ગુણવત્તા વાળો બનતો હોવાની લોકોમાં રાડ ઉઠવા પામી હતી જ્યારે લોકો ધ્વરા મીડિયા ની ટીમ ને બોલવતા મીડિયા ધ્વરા અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો કે બનાસકાઠા જીલ્લા માં સરકાર વર્ષોથી લોકોને સપના બતાવી રહી છે કે ઝેરડા થી લઈ નેનાવા સુધી ફોર લાઈન રોડ બનવવામાં આવશે અને તેને કારણે લોકો પણ સારા રોડ કાગડોળે રાહ જોઈને બેઠા છે ત્યારે હવે સરકાર દ્વરા આ રોડ નું કામ ચાલુ કરવામાં આવ્યું છે ત્યારે ફોર લાઈન ના બદલે જે રોડ છે તેના પરજ રોડ બનાવામાં આવી રહ્યો છે આટલુજ નહિ પણ આપ કેમેરા ની સામે જોઈ શકો છો કે આ કામ કેટલી ગુણવત્તાવાળું છે આગળ -આગળ કામ ચાલુ છે તો બીજી તરફ રોડ બન્યા ને ફક્ત કલાક નો સમય પણ નથી થયો ને આ રોડ તુટવા લાગ્યો છે તો આ રોડ કેટલો સમય ચાલશે તે એક પ્રશ્ન ઉભો થયો છે લોકો ડર ના માર્યા કેમેરા સામે આવતા ડરે છે પણ લોકો જણાવી રહ્યા છે કે આના કરતા તો જે જુનો રોડ હતો તે સારો હતો અને બીજું એ પણ જણાવ્યું હતું કે સરકાર ફક્ત કોન્ટ્રાક આપવાના માં સમજે છે પછી ક્યારે કામ જોતી નથી ભલે કામ સારું થાય કે પછી હલકી ગુણવત્તા વાળું થાય ત્યારે હવે સરકારે જાગવાની જરૂર છે કરોડો રૂપિયાનો રોડ હલકો બની રહ્યો છે અને સરકાર કરોડો રૂપિયા નું નુકશાન થઈ રહ્યું છે તે અટકાવે પણ આજ દિવસ સુધુ કોઈ અધિકારી આ રોડ સામે ન જોતા ૫ મહિના ના ટૂંકા સમયમાં આ રોડ તૂટી જવા પામ્યો છે ત્યારે હાલક રોડ ની પોલ ખુલી ન જાય તે માટે કોન્ટ્રાક્ટર ધ્વરા ફરીથી રોડ બનવાનું શરૂ કર્યું છે અને ફરીથી બનાવેલો રોડ કેટલો ગુણવત્તાવાળો છે તે તમે પણ જોઈ શકો છો આ બાબતે મીડિયા ની ટીમ ધ્વરા રોડ બનાવનાર લોકોને પુછાતા તે શું કહે છે તમે પણ સાંભળો માટે હવે લોકો કહી રહ્યા છે કે લાગતા વળગતા અધિકારીઓ નિંદ્રા માંથી જાગે અને હલકો રોડ બનવનાર કોન્ટ્રાક્ટર ની શાં ઠેકાણે લાવે નહીં હજુ ચોમાસુ બાકી છે ચોમાસા પહેલાજ આ રોડ ફરીથી તૂટી જાય તો નવાઈ ની વાત ના કહેવાય હવે જોવાનું એ રહે છે કે તંત્ર તંત્ર કોઈ પગલાં ભરે છે કે મૂંગા મોઢે જોયા કરે છે તેતો આવનારો સમય બતાવશે.





# મોડાસામાં રથયાત્રાની તડામાર તૈયારીઓ શરૂ

મોડાસા, તા. ૩

ભગવાન જગન્નાથની ૩૪મી રથયાત્રાની મોડાસામાં તડામાર તૈયારીઓ હાથ ધરી દેવામાં આવી છે. આ વખતે રથયાત્રામાં પ્રથમવાર જુદા જુદા રાજ્યના નૃત્યની ઝાંખી નિહાળવા મળશે. વિવિધ રાજ્યોના નૃત્ય કલાકાર રથયાત્રામાં જોડાઈ પોતાની કલાનું પ્રદર્શન કરશે. સાથે જ વિદેશી ભક્તો પણ રથયાત્રા પૂર્વે શહેરમાં પ્રભાતફેરી કરશે. રથયાત્રાને આડે ગણતરીના દિવસો બાકી રહ્યા હોય ઉત્સવ સમિતિ દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

મોડાસા ખાતે પરંપરાગત ૩૪મી રથયાત્રા બાલકદાસજી મંદિરથી શહેરના જુદા જુદા વિસ્તારમાં નિકળશે. આ વર્ષે રથયાત્રામાં જુદા જુદા અખાડા, અંગ કસરતના હેરતભર્યા દાવની સાથે જુદા જુદા રાજ્યના નૃત્યની ઝાંખી પણ જોવા મળશે. આ અંગે રથયાત્રા ઉત્સવ સમિતિના પ્રમુખ નિલેશભાઈ જોષીએ જણાવ્યું હતું કે, પ્રથમવાર રથયાત્રામાં પંજાબ, રાજસ્થાન, મહારાષ્ટ્ર સહિતના જુદા જુદા રાજ્યોમાંથી નૃત્ય કલાકારો રથયાત્રામાં જોડાશે. જે તે રાજ્યના પહેરવેશ સાથે નૃત્ય કલાકારો કલાનું પ્રદર્શન બતાવશે. રથયાત્રા દરમિયાન શહેરના ચાર રસ્તા ખાતે વિવિધ શાળાના બાળકો પણ સાંસ્કૃતિક કાર્યક્રમમાં જોડાશે.

રથયાત્રા વખતે સતત ગાયત્રી યજ્ઞ ચાલુ રહેશે. વિદેશી ભક્તો દ્વારા પણ રથયાત્રા પૂર્વે શહેરમાં પ્રભાતફેરી કાઢવામાં આવશે અને રથયાત્રામાં જોડાવા અપીલ કરાશે. આ વખતે શહેરની શ્રેષ્ઠ સંસ્થાઓનું પણ રથયાત્રા સમિતિ દ્વારા સન્માન કરવામાં આવનાર છે. રથયાત્રાને પગલે પોલીસ દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત માટેનું આયોજન હાથ ધરી દેવામાં આવ્યું છે.



# સવગઢની પરિણીતા પાસે દહેજ માંગી ત્રાસ ગુજારતા સાત વિરૂદ્ધ ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર નજીકના સવગઢ ગામના ઝહીરાબાદ વિસ્તારમાં રહેતી પરિણીતા પાસે પાચેક માસ અગાઉથી પતિ, સાસુ-સસરા સહિતના સાતેક સાસરીયા દહેજના મામલે શારીરિક-માનસિક ત્રાસ આપી એક બીજાની ચઢામણીથી પતિ સહિત સાસરીયા દ્વારા ગડદાપાટુનો માર મારતા પરિણીતાએ ફરિયાદ કરતા પોલીસે પતિ સહિત સાત સાસરીયા વિરૂદ્ધ ગુનો દર્જ કરી તપાસ હાથ ધરી છે.

પરિણીતા પર ત્રાસ ગુજારવાની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર સવગઢના ઝહીરાબાદમાં રહેતી સાહિસ્તાબાનુના લગ્ન ઝહીરાબાદમાં જ રહેતા દિલાવરભાઈ મેમણ સાથે થયા હતા. દરમિયાન પાંચેક માસ કરતા વધુ સમયથી સાહિસ્તાબાનુ પાસે પતિ સહિત સાસરીયા દહેજની માંગણી કરી શારીરિક-માનસિક ત્રાસ આપતા હતા. પતિ સહિત પરિવારના ત્રણેક સદસ્યોની ચઢામણી કરી ગડદાપાટુનો માર મારતા હતા. પરિણીતાએ સાતેય સાસરીયા વિરૂદ્ધ શુક્રવારે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે મહિલાના પતિ દિલાવરભાઈ મેમણ, સસરા સત્તારભાઈ વલીભાઈ મેમણ, સાસુ ફિરોજાબેન મેમણ, લાલમહંમદ મેમણ, સબીનાબાનુ લાલમહંમદ મેમણ, સોનુબેન સત્તારભાઈ મેમણ અને રાજુભાઈ સત્તારભાઈ મેમણ સહિત સાત સાસરીયા વિરૂદ્ધ દહેજની માંગણી સાથે ત્રાસ ગુજારવાના મામલે ગુનો દર્જ કરી પ્રકરણની વધુ તપાસ હાથ ધરી છે.




## ધાનેરા પોલીસે રાજસ્થાનથી ટ્રેક્ટર ચોરને ઝડપી પાડ્યો

ધાનેરા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લા માં વાહન ચોરી માં દિવસે ને દિવસે વધારો થતો જોવા મળી રહ્યો છે ત્યારે પોલીસ પણ જાણે ચોર ને પકડવામાં પછી પાણી નથી કરતી તારીખ ૧૫-૧૨-૧૫ ના રાત્રે માલોત્રા ગામે રહેતા પટેલ જોગાભાઈ દોલાભાઈ પોતાના ઘર આગળ પોતાની માલિકી નું ટ્રેક્ટર મૂક્યું હતું જે મોડી રાત્રે કોઈ ચોર ઈસમ ચોરી જતા જોગાભાઈ ધ્વરા શોધખોળ હાથ ધરવામાં આવી હતી પરંતુ ટ્રેક્ટર ન મળતા તેમને ધાનેરા પોલીસ મથક માં ફરિયાદ નોંધાવી હતી અને બે દિવસ અગાઉ ધાનેરા નાગર પાલિકા પાસેથી પણ એક ટ્રેક્ટર ચોરાઈ જતા ટ્રેક્ટર માલિક ધ્વરા પોલીસ ફરિયાદ કરતા પોલીસે શોધખોળ હાથ ધરી હતી અને ધાનેરા પોલીસે રાજેસ્થાન જાય જોગસિંહ અનોપસિંહ રાવણા ને ચોરી ના ટ્રેક્ટર સાથે ઝડપી પડી ધાનેરા લવાયો હતો જો પોલીસ દ્વાર કડક પૂછપરછ કરવામાં આવે તો અન્ય વાહન ચરી ના પણ ભેદ ઉકેલવાની શંકાઓ સેવાઈ રહી છે.

# દોલગઢ નજીક રોડ ક્રોસ કરતી મહિલાને વાહને ટક્કર મારતા મોત : એકને ઈજા

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર-ઈડર રોડ પર આવેલા દોલગઢ ગામની સીમમાં શુક્રવારે રોડ ક્રોસ કરી રહેલ બે મહિલાઓને બેફામ ગતિએ આવતા કોઈ અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી ભાગી છુટ્યો હતો. અકસ્માતની ઘટનામાં ઈજાગ્રસ્ત બનેલ બંને મહિલામાંથી એકનું મોત નિપજ્યું હતું. જ્યારે બીજી મહિલાને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાઈ હતી. ઘટના અંગે અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર છોટા ઉદેપુર જીલ્લાની બે શ્રમિક મહિલા શુક્રવારે હિંમતનગર-ઈડર માર્ગ પર આવેલા દોલગઢ ગામ નજીક રોડ ક્રોસ કરી રહી હતી. દરમિયાન બેફામ ગતિએ આવતા અજાણ્યા વાહન ચાલકે બંને મહિલાઓને ટક્કર મારી ભાગી છુટતા અકસ્માતની આ ઘટનામાં પરથીબેન નામની મહિલાને માથામાં ઈજા પહોંચતા તેણીનું મોત નિપજ્યું હતું. જ્યારે સેજલબેન નામની મહિલાને પગે ઈજા પહોંચતા તેને સારવાર અર્થે ખસેડી હતી.

બનાવ અંગે છોટા ઉદેપુર જીલ્લાના જેતપુર તાલુકાના મોટી ચીખલી ગામે. રહેતા અને હાલમાં દોલગઢ ગામે રહેતા જયંતિભાઈ રમણભાઈ નાયકે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ ગુનો દર્જ કરીને કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# દુબઈમાં નોકરી મોકલવાના બહાને મહેતાપુરાના રહીશ સાથે ૧ લાખની ઠગાઈ

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર મહેતાપુરામાં આવેલા ઘોડા ફાર્મમાં રહેતા એક રહીશને દુબઈમાં નોકરી અપાવવાનો વિશ્વાસ આપી ચારેક માસ અગાઉ હિંમતનગરના હુસેનાબાદમાં રહેતા અને ગાંધીનગર જીલ્લાના પારસા ગામે રહેતા બે શખ્સોએ રૂ.૧ લાખ પડાવી લઈ વિશ્વાસઘાત સાથે છેતરપિંડી કર્યાનો મામલો હિંમતનગરના બી-ડીવીઝન પોલસ સ્ટેશન ચોપડે નોંધાવા પામ્યો છે. પોલીસે શુક્રવારે ઠગાઈ આચરનાર બંને શખ્સ વિરૂદ્ધ મામલો દર્જ કરીને સમગ્ર પ્રકરણની તપાસ હાથ ધરી છે.

વિશ્વાસઘાત સાથે છેતરપીંડીની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર મહેતાપુરામાં આવેલા ઘોડાફાર્મમાં રહેતા મહંમદ સરફરાજ મહંમદ રીયાઝ અંસારીને હિંમતનગર નજીમના માળીના છાપરીયામાં આવેલ હુસેનાબાદમાં રહેતા સલીમમીયા કાલુમીયા મલેકે મળી તેમના સંબધી છે તે તેમને દુબઈમાં રહેતા નોકરી મોકલવાનું કામ કરી આપશે તેવો વિશ્વાસ આપ્યો હતો. અને તેના ભાગરૂપે સલીમમીયા મલેકે તેમના સંબધી અને ગાંધીનગર જીલ્લાના માણસા તાલુકાના પારસા ગામે રહેતા મહંમદભાઈ ફકીરભાઈ મોમીન સાથે મોબાઈલ પર વાત કરાવી હતી ત્યારબાદ પારસા ગામના મહંમદભાઈ મોમીને તા.૧ માર્ચ ૨૦૧૬ના રોજ મહેતાપુરાની દરિયાઈ પાર્ક સોસાયટી ખાતે મહંમદ સરફરાજ અંસારી પાસેથી રૂ.૧ લાખ લીધા હતા. આમ ગાંધીનગર જીલ્લાના પારસા ગામે રહેતા મહંમદભાઈ ફકીરભાઈ મોમીને ઘોડાફાર્મમાં રહેતા રહીશ પાસેથી રૂ. ૧ લાખ લીધા બાદ નોકરી માટે દુબઈ ન મોકલી કે નોકરી પણ ન અપાવી વિશ્વાસઘાત સાથે છેતરપીંડી કરતા મામલો ગરમાયો હતો.

જેથી ઠગાઈ સાથે વિશ્વાસઘાતનો ભોગ બનેલા મહંમદ સરફરાજ અસારીએ શુક્રવારે હિંમતનગરના બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પહોંચી હિંમતનગરના હુસેનાબાદમાં રહેતા સલીમમીયા કાલુમીયા મલેક અને ગાંધીનગર જીલ્લાના પારસ ગામે રહેતા મહંમદભાઈ ફકીરભાઈ મોમીન વિરૂદ્ધ મામલો દર્જ કરાવતા પોલીસે બંને વિરૂદ્ધ આઈ.પી.સી.ની ધારા ૪૦૬, ૪૨૦અને ૧૧૪ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ખેડબ્રહ્મામાંથી બાઈક અને કારની ઉઠાંતરી

ખેડબ્રહ્મા તાલુકાના ભરમીયા ગામના રમેશભાઈ અણદાભાઈ ડામોર પોતાનું સ્પ્લેન્ડર બાઈક નં. જીજે.૯. એર.૫૨૨૬ને લઈ ખેડબ્રહ્મા મામલતદાર કચેરીએ દાખલો કઢાવવા આવેલ જે પાર્કીંગમાં બાઈક પાર્ક કરી અંદર ગયેલ દાખલો કઢાવી બહાર આવી જોતા બાઈક પાર્કીંગમાં ન હતી. તપાસ કરતા ન મળી આવતા તેમણે રવિવારે અજાણ્યા ચોર ઈસમ વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી. જ્યારે ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ચાર રસ્તા પાસે રહેતા નિલેશ પરસોત્તમદાસ પંચાલ પોતાની મારૂતી કાર નં. જીજે.૨.એસી.૭૨૧૮ને ઘર આગળ પાર્ક કરતા હતા. જે રવિવાર સવારે ઉઠીને જોતા ઘર આગળ કાર ન હતી. જેથી તેમણે આજુબાજુ તપાસ કરતા કાર મળી આવી ન હતી.